॥ श्री हिंगलाजी विजयतेतराम् ॥

श्री.

હિમજ સ્તુતિ.

(અને)

સુવાસિક પુષ્પો.

લેખક,

ઝારોળા મિત્ર મંડળ તરફથી

દુર્ગાશંકર ત્રિભુવનદાસ દ્વિવેદી.

(ઝારોળા [illegible]-પાટણ-ગુજરાત.)

છપાવી પ્રસિદ્ધ કર્તા.

ઝારોળા મિત્રમંડળ.

(બીજા ઝારોળા ગુજરાત.)

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦.

॥ श्री हिम्बडी विजयतेतराम् ॥

श्री.

હિમજા સ્તુતિ

(અને)

સુવાસિક પુષ્પો.

લેખક,

ઝારોળા મિત્ર મંડળ તરફથી

દુર્ગાશંકર ત્રિભુવનદાસ દ્વિવેદી.

(ઝારોળા બ્રાહ્મણ-પાટણ-ગુજરાત.)

છપાવી :સિદ્ધ કર્તા.

ઝારોળા મિત્રમંડળ.

(વીશા ઝારોળા ગૃહસ્થ.)

સંવત. ૧૯૬૬ સને ૧૯૧૦.

શ્રી જૈન વિદ્યા વિજય પ્રીન્ટીંગ પ્રેસ.

રીચીરોડ—અમદાવાદ.

પ્રસ્તાવના.

હૃદયની ઉત્કંઠા સિવાય એક નાનકડું પુસ્તક પ્રસિદ્ધ કરવાનું અન્ય શું કારણ હોય ? અને તેને પ્રસ્તાવનાની પણ શી જરૂર હોય ? કુળદેવી પ્રત્યેનો અંતરોર્મીનો ઉલ્લાસ તથા જ્ઞાતિબંધુઓને અર્વાચીન સમયને અનુસરી કુળદેવી શ્રી હિમજાજીની સ્તુતિ કરવાને અનુકુળ પડે એટલાજ માટે તદ્દન નવીન રાહોમાં આ સ્તુતિ છપાવી પ્રસિદ્ધ કરી છે. તેનો લાભ અગર જો અમારા જ્ઞાતિ બંધુઓ લેશે તો અમે અમારૂં કર્તવ્ય સફળ થએલું સમજી આનંદ માનીશું એજ.

લી.

ઝારોળા મિત્રમંડળ.

અર્પણપત્રિકા.

સમસ્ત ઝારોળા જ્ઞાતિ બંધુઓ?

જેઓ સ્વજ્ઞાતિની ઉન્નતિ થવાની આકાંક્ષા પોતાના હૃદયમાં અહર્નિશ રાખે છે, અને તેને માટે બનતો પ્રયત્ન કરે છે. જેઓ સ્વજ્ઞાતિનાં ઉછરતાં બાળકોના હૃદયમાં ઉચ્ચ ગુણોના પવિત્ર અંકુરો પ્રગટાવવા અહરનીશ સતત પ્રયત્ન આદરે છે. અને જેઓના હૃદયમાં કુળદેવી શ્રી હિમજાજી પ્રત્યેના શુદ્ધ અને નિર્મળ ભાવના પવિત્ર જ્યોતિ ઝળકળે છે, તેઓને આ નાનકડું પુસ્તક સપ્રેમ અર્પણ કરી આનંદ માનીએ છીએ. અને શ્રી હિમજાજી પ્રત્યે અહરનીશ એજ પ્રાર્થના કરીએ છીએ કે સ્વજ્ઞાતિમાં તેવા યુવકોની શનૈઃ શનૈઃ વૃદ્ધિ થાઓ અને તેઓ અધોગતિએ પહોંચેલી જ્ઞાતિને ઉચ્ચ સ્થિતિમાં લાવવા સતત પ્રયત્ન આરંભો.

લી.

ઝારોળા મિત્રમંડળ.



श्री गणेशाय नमः

श्री रामकृष्णो विजयतेतराम्

हिमजाष्टकम्.

कर्ता केशवलाल हरिलाल पंडित.—मु. पाटण.

शार्दूल विक्रिडितम्

सद्विद्यापरिभूषिताः प्रतिदिनं सद्धर्मसंवर्धकाः
"झारोले"ति सुसंज्ञयाच कथिता वर्णैश्चतुर्भिस्सदा
"श्रीहिमजा" शुभनामसेवनपरा गुप्ताश्चविप्रास्तथा
सत्यासत्यविवेकिनो विजयिनो विद्यासिनास्युर्भुवि १

वसन्ततिलका वृत्तम्

भक्ता न्मतिं सतत मम्ब भवानि शुद्धाम्
दात्रीञ्च कष्टकुमती त्वरया निहन्त्रीम्
दीनाञ्शुभे निजशिशून् कृपयाचधात्रीम्
त्वां हिम्बडीं शुभवरां गिरिजे भजामः २

यन्नामनित्य मखिला अमरा स्स्मरन्ति
यस्यागुणान्मुनिजनाः किलवर्णयन्ति
कुर्वन्ति गानमजरा हृदयेचयस्या
स्तां हिम्बडीं शुभवरां गिरिजां भजामः ३

यन्मूर्त्ति रीस्ववयत्रा जगतीह लोके
भातीन्दुवत् ह्यनुपमा धवला सुरम्या
लोकस्तुदर्पण इवात्र सुदृश्यतेऽस्याम्
तां हिम्बडीं शुभवरां गिरिजां भजामः ४

नित्यं नताङ्घि शरणागत भक्त पुञ्जान्
हेमोक्षदे हिशुभदे किलनोऽवमात
येज्जन्म राक्षसगणान् हननायजातम्
तां हिम्बडीं शुभवरां गिरिजां भजामः ५

यत्पादपद्मयुगलं मुनयो विशुद्धा
वाञ्छन्ति वेदनिरता स्सुखदं हिताय

या हिम्बडी गुणिजनान् सुमतिं ददाति
तां हिम्बडीं शुभवरां गिरिजां भजामः ६
यद्भक्तगीतश्रवणे खलुलुब्धचित्ता
मुग्धारविन्दविलसत्सुविलोलनेत्रा
याऽहोशुभा सतत माल्यवने विभाति
तां हिम्बडीं शुभवरां गिरिजां भजामः ७
पुष्पोद्भवैश्च बहु सुन्दरभूरिछायैः
पुन्नागचन्दनकदम्बयुतैस्सुवृक्षैः
कासारकूपगृहशोभितमध्यभागे
रम्ये च "देवनगरे" सुखदे वसन्तीम् ८
हस्तेविराजितासितस्फटिकाक्षमालाम्
मुक्तावलीशतविभूषितशुभ्रकण्ठाम्
कान्त्या सुशोभित तनुं सुमुखीं पवित्राम्
त्वां हिम्बडीं शुभवरां गिरिजे भजामः ९
हर्षादिदं रचित मम्ब शुभं भवानि
भक्त्याच शुद्धमतिना तव केशवेन

देव्यष्टकं जनहिताय शुभस्यदात्रि
सर्वस्य मानुषगणस्य च शं विधत्ताम् १०

पृथ्वीवृत्तम्

सुरासुरनिसेवितां, कलुशनाशिनीं सिद्धिदाम्
भयस्यजगतश्शुभां मम मुदाच विद्राविणीम्
भवार्णवनिमग्नकेशव इहैव दासस्तव
कदम्ब वनवासिनीं सतत माश्रये हिम्बडीं ११

यः पठेदष्टकं तस्य
दास्येत् शिघ्रं सुसिद्धिदा
मोक्षंस्त्रीधनपुत्रादीन्
अमुत्रेहच हिम्बडी १२

શ્રી હિમજા સ્તુતિ

ગજલ.

કર કરૂણા કૃપાળુ દયાળુ હિમજા,
ભવદુ:ખ ભંજન અરિમદગંજન જયજગ વંદન;
જય જય જય— કર કરૂણા.
પૃથ્વિ વાયુ સૂર્ય તેજ, આપથી પ્રકાશે એજ;
દાસને દયાળુ, શુદ્ધ બુદ્ધિ દેજ દેજ.
જય... જય... જય... જય... કર કરૂણા.

(ચાલો સાહેલી ભૂવનેશ્વરીનાં—એ રાગ.)

ચાલો ઉમંગે હળી મળી સંગે, હિમજાનાં દરશન કરવા;
ભાવ ધરીને ભકિત કરવા, પાપતણા પુંજો હરવા;
શેવા કરીને શૈલસુતાની, રહેજ મહીસાગર તરવા. ચાલો.
અરપી તનમન કરીએ વંદન, જય જય જય જય ઉચરવા;
અકળ કળા નીરખીને માની, દુર્ગાશંકર દીલ ધરવા. ચાલો.

(ધનાશ્રી.)

ભજન કરો ભવસીંધુ તરવા.
હૈમ સુતા હિમજામાતાનાં, ચરણ શરણ ધરવા. ભજન.
ભવસીંધુની ખાડી ભયંકર, પાર પ્રીતે કરવા. ભજન.
કાપે કુબુદ્ધિ આપે સુબુદ્ધિ, શાંતિ વિસ્તરવા. ભજન.

ધામ પવિત્રને નામ પવિત્ર છે, કામ પવિત્ર કરવા. ભજન.
અંતરપટ આનંદે ધોઇ, ભક્તિથકી ભરવા. ભજન.
ક્લેશ અને કંકાસ કુબુદ્ધિ, હેત થકી હરવા. ભજન.
દુર્ગાશંકર ડાહાપણુ એ છે, ધર્મ ધજા ધરવા. ભજન.

(આ જુગમેં પલકી ખબર નહીં—એ રાગ.)

ખબર લ્યો માત હવે મારી.
આ દુનિયામાં અન્ય નથી કો, ભર્મ પડ્યા ભારી; ખબર લ્યો.
તનની વાડી મનની ખાડી, વ્હેમનાં વારી (ભર્યાં મા)
મનમાળી છે મસ્ત તેમાં, નર્કની બારી. ખબર લ્યો.
રૂપના રાવો, રમાયે દૂર્મતિ ધારી. (અરે મા.)
સ્વપ્નમાં નહીં ચેન એવું, સૂખ સંસારી. ખબર લ્યો.
હિમજા માતા છો સુખશાતા, બાંહ્ય ધરો મારી. (હવે મા.)
દુર્ગાશંકર દાસ હુએ છે, તેને લ્યો તારી. ખબર લ્યો.

(અહો દીલદાર જરી દેદાર—એ રાગ.)

અરે આ જગતમાં કોઇ નથી મ્હારૂં નથી તારૂં,
હતું તે સર્વ છોડીને કરૂં હિમજા ભજન પ્યારૂં;
નથી આ જીંદગીમાં કંઇ હવે કોની મ્હને પરવા,
અહો હિમજા અહો હિમજા, ફકીરી હાલ મ્હારો છે.
સાખી—વિષ્વ વિષય ઘટમાળ આ, ખારી ખારી ઝેર;
મસ્ત રહું મા ભજનમાં, એજ સુધાની લ્હેર.
અરે આ દમ નથી દમમાં, ફકીરી હાલ મ્હારો છે.
સાખી—તન મંદીરમાં મન વસી, વિવિધ કરે વ્યાપાર;
મસ્ત બની મસ્તાનુ એ, નાંખે નર્ક મોઝાર.

હવે તેનું નથી કાંઇ કામ, ફકીરી હાલ મ્હારો છે.
સાખી—આશા દીપક ઝળઝળે, ઝગમગ તેજ પ્રકાશ;
વાત ખુટિ પ્રીતી તુટી, સર્વેનો ત્યાં નાશ.
નથી તુટી તણી ત્રુટી, ફકીરી હાલ મ્હારો છે.
હવે તો માત હીમજાજી, ખરે દુર્ગો તમારો છે.

(મન માયાના કરનારારે—એ રાગ.)

જે કોઇ હિમજાતણા ગુણ ગાશેરે, તે તો પળમાં પાવન થઈ જાશે;
તાપ પાપો અમાપ કપાશેરે, તેની કીર્તી ગુણીમાં ગવાશે.
સોનું તપી તપી તીખું થઇ, પછી કુંદન નામ કહેવાશે;
સંસાર સાગર રહેજે તરી જઇ, અંતે અમરમાં ગણાશેરે. તેતો.
હિમજાના નામનો જાપ જગતમાં, કોડે કરી જે કમાશે;
રીદ્ધિ ને સીદ્ધિ સાથે રહે સદા, દેવ દાનવ ગુણ ગાશેરે. તેતો.
નીર્મળ મનથી નીત્યે નીહાળી, નામ નદીમાં જે ન્હાશે;
સત્યે સદા રહી ભક્તિ કરેથી, દુર્ગાશંકર દીલ ચ્હાશેરે. તેતો.

(પ્રગટ્યા શ્રી કૃષ્ણ મન ભાવતારે લોલ—એ રાગ.)

સર્વે સાહેલી મળી આવજોરે લોલ,
ગરબે રમાશું માને ઘેરજો; સર્વે.
ગરબો ગમે છે મ્હારી માતનેરે લોલ,
ભલા રાચે છે શીવ તાતજો; સર્વે.
સોને જડ્યાં છે માનાં આંગણાંરે લોલ,
રૂપે જડી છે રૂડી રાત જો; સર્વે.
દીવડો મુકીશું ચાચર ચોકમાંરે લોલ,
ફરતી રચીશું ફુલ માળજો; સર્વે.

આભમાં ખીલ્યા છે રૂડા તારલારે લોલ,
વચમાં ખીલ્યો છે જોને ચંદ્રજો, સર્વે.
તારા રૂપી તે સહુ આપણેરે લોલ,
ચંદ્ર રૂપી હિમજા માતજો; સર્વે.

ફુલડાં વેર્યાં છે માએ ચોકમાંરે લોલ,
વેરીશું આપણે ગુલાલજો; સર્વે.

આશા પુરે એ માત હિમજારે લોલ,
વાધે આનંદ અંગ માંહ્યજો; સર્વે.
દુરગાશંકર દાસ દીલથારે લોલ,
ગાએ છે ગરબો રસાળજો. સર્વે.

(ધરો કાંઇ હીત શીખામણ ધ્યાન—એ રાગ.)

દીઓ સદ્બુદ્ધિ તણું કાંઇ દાન, અરજ હિમજાજી આ ધરી ધ્યાન
અમે તો સાવ છીએ અજ્ઞાન ધર્મમાં નથી જરા પણ ધ્યાન
અભીમાન સાગરનાં મોજાં ઉછળે અંતર માંહી
ચઢી ચઢી પાછા પટકાઇ પડીએ ઉંડી ખાઇ. દીઓ
અવર આશરો નથી અમારે તમ વીણ આ જગમાંહી
ચરણે શીશ નમાવી કહે છે દુર્ગાશંકર ગાઇ. દીઓ

(નથી જગતમાં સાથ સબંધી)—એ રાગ

ધરી અરજ ઉર પાપ અમારાં માત કરો સહુ માફ
બર્યા કરમ ભંડાર થશે નહીં કોઇ સમે એ સાફ
આ જગમાં નીત વધે પાપના પુંજ અરે ઓ માત.
વીશ્વ રમકડું અજબ તરેહનું કાળ બરે બહુ હાળ
પળમાં પટકશે પાપી માગી મળે નહિ માફી

ઉગરવાનો ઉપાય, અવરનાકોય થશે ત્યાં સત્ય અરે ઇન્સાફ. ધરી.
બચવાની બારી તણી ચાવી તમારે હાથ
દુર્ગાશંકર દાસને સ્હાય કરો એમાત— પળમાં

(ચાલોને સહીયર હસતાં રમતાં જળ ભરવાને જઇએરે)

આજે આનંદે હળી મળી સંગે હિમજાના ગુણ ગાઇએરે
તાપ અમાપ સહુ પાપો જગતનાં તેને તજી ખુશી થાઇએરે-આજે
સાખી-જીવન વન ઘનઘોર આ તન તેમાં અથડાય
જ્ઞાન દિપક પ્રગટયા વિના કયાંથી પાર પમાય.
દિવલડો હિમજામા કેરો હેતે ધરી હરખાઇએરે—આજે
સાખી—સમય સરિતા વહી જતી કરતાં ક્રોડ વિચાર
રમતાં આ જગ કુંજમાં કોય તરે નહીં પાર
નાવ મા નામનું રાખી રદયમાં દુર્ગાશંકર તરી જાઇએરે-આજે

(અરે દુનિયામાં પ્રેમી કયાં—એ રાહ)

અમારે એક ખરો આધાર બધાં બીજાં એ ફોદાં છે.-અમારે
સાખી-અકળ પંથમાં અવતર્યાં અકળ પંથમાં વાસ
અકળ પંથ અંતીમનો અકળ બધો સહવાસ
બતાવો મા કળા કોઇ નહીંતો સહુ નકામાં છે—અમારે
સાખી-વીશ્વ વાડીમાં વિચરતાં ડગલે ડગલે દુઃખ
એક સ્તવન તુજ હિમજા આપે અંતર સુખ.
વિકટ પંથીને પંથે ખરે એ તો વિસામા છે—અમારે
સાખી-સ્નાન કરાવી સ્નેહનું ભરો ભકિતનો ભાવ
મીઠો દીન છે આજનો કડવી આવતી કાલ
ખરે મા દાસ દુર્ગા તો ભજનથી હિમજામાં છે.-અમારે

[ધીમા ધીમા ચાલોને મારા પ્રાણરે—એ રાગ]

માત આવી ઉગારો અનાથરે
ભવફંદે ફસાણા હિમજાજી અમે—ઝાલો હાથરે—માત
આખી—આશા સાગરનાં અમે, માછલડાં મદમસ્ત
કામ ક્રોધની જાળના, ફંદે ફસ્યાં સમસ્ત
આજ મારો ઉગારો ધર્યો આશરો
દાસ દુર્ગાને સાચો ભરોંસો ખરો હિમજા માતરે—માત.

(મને આવે છે ફેર—એ રાગ)

આજે આવો નરનાર ગાવો માના ગુણ પ્રીતે કરી.
છે નોધારાં આધાર, તારે જગત જળ પ્રેમે કરી.
શૈલ સુતા મા હિમજા. સુખકારી સહાય.
શત્રુને સંહારતી ભક્તને ઉદ્ધારતી.
દુર્ગેશ્વરી—એ ....ગાએ

[રંસીલા રસીલી ચાંદનીનો સમો સાધો—એ રાગ]

ચાલો સહુ સંગ ધરી અગમાં ઉમંગ રંગરાગથકી દરશન કરવા
પાપને પ્રજાળી ભજોહિમજા દયાળી બાળી તાપને સંતાપ સહુ દુર કરવા
સંસાર સાગરમાં તણાણા આશ તરવાની નથી.
મોહનાં મોજાં પ્રબળની કપટ છોળ ડુબાવતી.
નામ નામનું જો નાવ આવીને મળે અમને કરી,
તો તો ઉતરીએ પાર મા પળવારમાં પ્રીતે કરી
હિમજા અરે હિમજા કરો કીરપા કંઇ,
દુરગા તણાં દીન વાકય સુણી તનથી.   ચાલો.

શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો—એ રાગ.

કર ઝાલી હિમજાજી દાસ તારો તમે,

તારો તમે મા ઉગારો તમે; કર.

સાખી—સરવર આ સંસારનું, ઉઠે તરંગ અનેક;
રાગ દ્વેષ સુખ દુઃખથી, ભર્યું છલા છલ છેક.

પળમાં ચઢાવી પછી પળમાં પછાડતાં,
ઝેરી તરંગ અંગ સાથે ભમે; કર.

સાખી—વિષય વેલનાં ફૂલને, દેખી મન લલચાય;
મસ્ત થઈને મ્હાલતાં, સ્હેજ મહીં સપડાય,

વિધ વીધ પ્રપંચની જાળમાં સપડાયેરે,
છતી આંખે બનીને અંધ ગોતાં ખાએરે; કર.

સાખી—તેમાંથી તરવા તણું, અરર ન સાધન કાંય;
એક સ્તવન તુજ હિમજા, મુજને સત્ય જણાય.

દુર્ગાશંકર દીન દાસ દુઃખીને,
હવે બતાવો કીનારો તમે; કર.

(પ્રગટયા શ્રી કૃષ્ણ મન ભાવતારે લોલ--એ રાગ.)

હિમજા પધારો મ્હારે મંદીરે રે લોલ,
બાંધુ હીંચોળા ખાટજો; હિમજા.
પુષ્પો લાવું હું રૂડી રીતથીરે લોલ,
હરખે વધાવું ધરી હેતજો; હિમજા.
આસન બીછાવું ઉંચી જાતનુંરે લોલ,
પુજા કરૂં હું ધરી પ્રેમજો; હિમજા.
નૈવેદ ધરાવું અતી નેહથીરે લોલ,
આરોગાવું હું ધરી નેમજો; હિમજા.
સ્તુતી કરૂં હું સાચા દીલથીરે લોલ,
આપો આશીશ એણીવારજો; હિમજા.

રજની વધાવે જ્યમ ચંદ્રનેરે લોલ,
હું તો વધાવું હિમજાયજો; હિમજા.
દુર્ગાશંકર દાસ તાહરોરે લોલ,
ગાંડા ઘેલા ગુણ ગાયજો; હિમજા.

(અરે હું મસ્તાન પ્રેમની—એ રાગ.)

અરે હું મસ્તાન ભકિતનો ભવમાં ભમું ભમું,
રહિ મસ્ત એજ મંત્રના તરંગમાં રમું; અરે હું.
નીદાન એજ ધ્યાનથી હું માતને ગમું,
કૃપા કરે જો હિમજા હરનીશ નીર્ગમું; અરે હું.
સાખી—જગ સરવરને ઝાંઝવા, જાણું જૂઠ તમામ,
રથાપ્યું દીલમાં દૂરગે, એક માતનું નામ; અરે હું.

(ગોવીંદ ગુણ ગાઓરે હો નર નાર—એ રાગ.)

હિમજાના ગુણ ગાઉરે અહો નર નાર (માતાના.)
સંકટ હારીણી ભવ ભય તારીણી, અહો.
નામથા નેહ લગાવુંરે,
વિજય વધારેરે સુમતિ પ્રસારે, અહો.
ચરણ શરણ ઝટ જાઉંરે;
ઝારોળ વાસીએ પુરણ પ્રકાશીરે, અહો.
દુર્ગાશંકર દીલ ચાહુંરે;

(સૌથી સુંદર છે મારો નાથ-મારો નાથ એ-રાગ.)

સૌથી સુંદર છે હિમજામાત હિમજામાત,
હિમજામાતરે, ભકતોને તારે પળ એકમાં હોજી;
પાપીને પાવન પળમાં કરો તમે હેતેથી ઝાલો મ્હારો હાથ, ભકતોને.
મ્હારો હાથ, મ્હારો હાથરે.

સાખી—આ પંખો મદમસ્ત આ, ધરે અતી અજ્ઞાન,
ખાવું પીવું ખેલવું એ ત્રણેનુ છે ભાન.
દુર્ગુણ ટાળવામાં એ દાડી દાડી ફુએ આવી ઉગારો છું અનાથ,
હું અનાથ છું અનાથરે. ભક્તોને.
સાખી—મનુષ્ય રહ્યા ફાનસે, પ્રગટો દીપક જ્ઞાન;
હૃદય ભક્તિના રંગથી, રંગો એ ગુણવાન.
દુર્ગાશંકર તારા શરણમાં આવ્યો, માજી ગાંડા ઘેલા આ ગુણગાત;
ગુણગાત ગુણગાતરે, ભક્તો

(આવો આવો વીલાસી આ દાસી—એ રાગ)

નરનારી વીચારી હિમજાજી તણા, ગુણ ગાઓને;
ગુણ ગાઓને સુખી થાઓને. (હાં) નરનારી
વાત કરતાં વીતી જાશે કાળ, ભરે ઓચીંતી ફાળ;
સ્નેહે સાથી કર રહાઓને. નરનારી
મંત્ર મ્હોટો માતજીનું નામ એ છે સહુનો વિશ્રામ,
દુર્ગાશંકર દાસ ન્હાઓને. નરનારી

(મ્હારા મનમાં તનમાં ભર્યો છે ઠર્યો છે—એ રાગ)

સહુ સંગનાં રંગમાં આવો વધાવ્યા મા હિમજાજી દુઃખ કાપે,
અત્તર ફુલ અબિલ ગુલાલને મસ્ત રહો માના જાપે. સહુ—
ભક્તિની જુક્તિના મુક્તિ મળે વળી દૈવે સુતા હરખાય,
દુર્ગા દેવાની દયાળુ નિધાથી શાંતિ સહુ સ્થળ વ્યાપે સહુ

(તમે તે શું જાણો સ્વાદ ઘેનુના ચરાવાવાળા—એ રાગ)

અમોને ઉગારો આપ હિમજાભવાની ભોળી,
હિમજાભવાની ભોળી નાખ્યા ઝુંડ ઝુંડ ચોળી. અમોને

અમણામાં સુધી અમે ભક્તિ કીધી ના કાંઇ,
દોષને નીવારો આપી પ્રસાદી પ્રીતે અમોલી. અમોને.
સાખી-વિશ્વ બધું વિષયમાં ડુબ્યું, લાગી ચોદીશ લ્હાય;
દીમ નાંખો હિમજાજીમા, શાંતિ જેથી થાય.
ભજન તમારૂં માજી ભજન તમારૂંરે,
લાગે એક પ્યારૂં માજી ભજન તમારૂંરે.
સાખી-શાંત સરિતાં જળ જુવો, શાંત જુવો આકાશ;
શાંતિ મેળવવા ચહે, દુર્ગાશંકર દાસ. અમોને.

(અહો દીલદાર જરી દેદાર-એ રાગ)

મયાળુ માત તું મ્હારી દયા કરજે દયા ધારી,
સદાએ શાંતિ વિસ્તારી અમોને આશ છે તારી.
સાખી-હેમ સુતા હીમજા તમે, કરો કંઇ કલ્યાણ;
સ્તવન પુજનથી સેવીએ, ધરી પ્રીતે તુજ ધ્યાન.
બતાવો મોક્ષની બારી કૃપાળુ કંઇ કૃપાધારી. મયાળુ.
સાખી-વીશ્વ વિશે વિચરી રહ્યાં, ઘટ ઘટમાં તુજ વાસ,
સાચા દીલથી સેવતો, દુર્ગાશંકરદાસ.
ખરી એક બાળ મા તરી, જપું તુજ જાપ મા મારી મયાળુ

(ઠરમાં તું દીલ સાચ છોકરા-એ રાગ).

ગાઓને ગુણગાન તમે સહુ ગાઓને ગુણગાન,
હિમજાજીનું ધરી ધ્યાન. તમે સહુ.
એ છે દયાળી માતુ મયાળી.
ચંડ પ્રચંડને નાંખ્યા પ્રજાળી, હેમસુતા હિમજાવરદાળી;
પાપના પુંજને નાંખે પખાળી, કલેશને દ્વેષ સહુ દીએ ટાળી.
એજ કાપે સઘળાં અજ્ઞાન. તમે સહુ.

આપે સુબુદ્ધિ કાપે કુબુદ્ધિ,
વિશ્વ વિકટનો એ છે વિસામો, અષ્ટસિદ્ધિ નવનિદ્ધિ ત્યાં પામો;
તાપ સંતાપ, પ્રતાપથી વામો જઇ ચરણે કરી શીશ જો નામો.
દુર્ગાશંકર અજ્ઞાન. તમે સહુ.

(મનની મનમાં તનની તનમાં—એ રાગ.)

આ અવનીમાં નામ તમારૂં લાગે મને હિમજાજી પ્યારૂં,...... આ.
દેવગામ વાસી પૂર્ણ પ્રકાશી ધ્યાન હમેશાં તારૂંજ ધારૂં,........ આ.
વીશ્વ વિષે હું પંથી અજાણ્યો જાણું નહીં કાંઇ ધર્મનું બારૂં.... આ.
સાગર મોજાં જયમ અથડાએ જાય વૃથા સહુ જીવન મ્હારૂં.... આ.
દુર્ગાશંકર દીલથી ચાહે, હિમજામા હા શરણુ તમારૂં......... આ.

(ધન ભાગ્ય પધાર્યા ભમરા—એ રાગ.)

જય જગત જનુની માતા, સેવકને દ્યો સુખ શાતા;
તું એક ખરી પિતુ માતા-હિમજા કરો કલ્યાણ.
સંસાર સાગર મ્હોટો, માયા તણો પરપોટો;
દે કાળ હમેશાં દોટોરે-સંસાર. હિમજા૦
ભરમે ભુલ્યા સહુ ભક્તિ, પાપે પચી આ વ્યક્તિ;
કરો સહાય તમે શિવશક્તિ-ભરમે. હિમજા૦
ભેદી તિમિર હું બાળું, ચોપાસ કાળું કાળું;
કરો માત તમે અજવાળું-ભેદી. હિમજા૦
શાંતિ સહુમાં થાએ, ભ્રાંતી ભરમ બળપાએ;
દુર્ગાશંકર ગુણ ગાએરે-શાંતી—હીમજા.

[હવે મને હરી નામથી લેહ લાગ્યો]

હવે મને હિમજા તણી લેહ લાગી,
અમણાંઓ સઘળી મ્હારી ભાંગીરે હવે.

આરે સંસારીયામાં સગપણ સારૂં એનું ભવ ભય જેહથી ભાગે,
આશાને મોહ મરવે મનથી તજાએ તો સાચો સબંધ ઝટ જાગેરે-
આપને તાપ સરવે પળમાં પળાએ માના ગુણ કહી જન ગાએ
અષ્ટમા સિદ્ધિ નવ નિદ્ધિ મળે તેને દુર્ગાશંકર દીલ ચાહેરે—હરે

[પ્રેમ વશ થઇને જીવન તજીજામાં—એ રાગ]

મનવશ થઇ આ મુરખ ગોતાં ખામાં,
મુરખ ગોતો ખામાં તું ફંદમાં ફસામાં— મન.
સંસાર વીષની વેલને ધરી વ્હાલ શું સેવો તમે;
મણીને મુકીને કાચનો કટકો અરે? તમને ગમે,
ભરમ નીંભાડે ભુલી તુ ભરમામાં. મન વશ.
સંસારમાં આધાર એ નીરધાર એકજ હિમજા;
પળમાં ઉતારે પાર દુર્ગાદાસને એ શૈલજા,
હરનીશ એના ધ્યાનથી તો તું ધરામાં.— મન વશ.

[વ્હાલા વેગે આવોરે—એ રાગ]

સહુ મળી આવોરે ગુણ નીત ગાઓરે,
હિમજાના હેતથી હોજી.
ભવ સાગરથી પળમાં ઉતારે જોને પાર.— સહુ
સાખી—પરદેશી સહુ પંખીડાં ભેળાયાં ભવ માંહ્ય,
મધુ. મધુર ટહુકા કરી રીઝાવો હિમજાય.
નીર્મળતા મનમાં વધે શાંતી સહુને થાય.
પ્રીતિ ફળ પાવોરે- હિમજાના.
સાખી—ભક્તિ વીણા કર ધરી, કરો સહુ આનંદ,
મસ્ત બનો માના ગુણે, ઝાલી તાલ મ્રદંગ,

રંગ રાગથી રીઝવો દુર્ગા ધારી ઉમંગ.
શરણે સુહાવોરે- હીમજાનાં

(નથી પ્રેમ વેચાતો મળતો વાટે ને ઘાટે--એ રાગ.)

આવો આવો આનંદે ભજીએ માત ભવાની,
સાચી ભક્તિ કરો એ માતુ શૈલસુતાની;
ચંદન પુષ્પ ચઢાવી પ્રીતે પૂજન અરચન થાયજો.
કુંકુમ અબીલ ગુલાલ ધરેથી હિમજાજી હરખાયજો.
આદ્યશક્તિ અપરાધ કાપે,
સર્વેમાં સુખ શાંતિ વ્યાપે દુર્ગાશંકરદાસ જાપે; આવો આવો.

(નજર કરો નાથ જરા ઓળખીદ્યો નારી-એ રાગ.)

નમિએ નમિએ નમિએ તમને શૈલની કુમારીરે,
રમિએ રમિએ રમિએ નીત્ય નજરમાં તમારીરે. નમિએ.
સાખી-ઝારોળગઢમાં વાસ છે, જામ્યો પૂર્ણ પ્રકાશ,
દરશનથી દુખ જાય છે, નીરમળ થાએ દાસ.
અકળ કૃતિ અકળમતિ અકળગતિ તારીરે. નમિએ.
સાખી—શુદ્ધ હ્રદયથી સેવતાં પાપ પ્રલય થઇ જાય,
દુર્ગાશંકર દાસ તે ગૂણ તમારા ગાય.
અભયદાન આપી કાપો કુમતિ અમારીરે- નમિએ.

[દીલ મ્હારૂં માને નહીં મનડું--એ ધાગ]

મન મ્હારૂં માને નહી મનમાં તમારા ભજનમાં અરે ઓ માતજી
મેં જોઇ જગત જળ ખાડી દુએ દુનિયાં દાડી અરે ઓ માતજી
આ વીશ્વની વિષ વાડીમાં જ્યાં જ્યાં ફુલો શાં ઝેરનાં
જ્યાં ત્યાં કપટને કૂડ કુડા માંહે રોપા વેરના.
ભૂલ્યા ભજનનું ભાન હા અજ્ઞાન વ્યાપ્યું અંગમાં

દુર્ગા હરીદ્રી દાસને આ સ્થાપજો સત્ સંગમાં,
સહુ ભકતો તણાં કષ્ટ કાપો દયા દાન આપો અમોને ઓ માતજી.
મન મારૂં-

(અરે કોઇ આવો પીયા ને મનાવો—એ રાગ)

અરે સહુ આવો માના ગુણ ગાઓ,
બધા તનના મનના તાપ સમાવો. અરે.
સાખી—હીરો આવ્યો હાથમાં કાં છોડો ગણી કાચ,
અવસર એળે વહી જશે માટે કાંઇક રાચ.
દીલ તપતાને શાને તપાવો લાગી અગન બુઝાવો,
રીઝાવો રીઝાવો ગુણ પ્રેમેથી ગાવો— બધા.

[મન ભમરારે હૃદય કમળ તુજ પાસ—એ રાગ]

મન ભમરારે ભજ ભજતું હિમજાય.
ભવમાં ભમીનેરે નાહક કાં અથડાય.
ભીતર જો ભોળા માત ભવાની,
તનમાં રહીને બોલે શ્વાસો શ્વાસ.—મન.
સાખી—આંગળીઆમાં આંબલો, મૂરખ ગોતાં ખાય,
લેવાને એ આમ્રફળ દુર્ગાવન ભટકાય.- મન.

(અરે શું માનવનો અભીમાન—એ રાગ)

ધરોને હિમજામાનુ ધ્યાન હૃદયના ભાવથીરે,
કરીને કરૂણાળુ કલ્યાણ. સદા સુખ આપતીરે;
સદા સુખ આપતીરે શત્રુ સંતાપતીરે. ધરો.
ઘડી ઘડી ભજતાં કિલ્મીશ જા......એ ખસી
ભવસિંધુથી પાર ઉતારે મા.........એ હસિ
શાન્તીનુ એ સ્થાન. અરે ઓ (૨) ધરો.

માયા જુવો મસ્તાન થઇ મદમસ્તનેય મુંઝાવતી,
સુખના શિખરપર જે ચઢયા પળ એક માંહ્ય પછાડતી
આ નામના વિશ્રામમાં જે ધ્યાનથી ભકિત કરે,
દુર્ગો કહે દીન એકમાં તે સ્હેજથી સિંધુ તરે,
સર્વે કરે ગુણ ગાન.— ધરો.

(મ્હેરી ચોળી લટકાં મટકાં કરતાં આવ્યાં—એ રાગ.)

આવો આવો આજે આનંદેથી આવો,
ગાવો ગાવો હિમજાજીના ગુણ ગાવો.
સુંદીર મંદીર સુખકારી દર્શન માનાં દુઃખહારી
કાપે કાપે ભવ ભય બંધન કાપે.
સદ્બુદ્ધિ સઘળે વ્યાપે, એ માત તણા પરતાપે.
ગાઇ ગુણ દુરગાશંકર હરખાયો— આવો આવો

(નણદલ વીરા અધારા જરા ધીરે ધીરે-એ રાગ)

સહુ મળી ગાઓ સ્તવન હિમજાજીના
મધુરા મંત્ર જપો સ્નેહને સુબુદ્ધિ ધારી
ગુણી જન ગાન કરો ગર્વને ગુમાન હારી
મીઠાં મીઠાં મંદ વાકય માતની કને ઉચ્ચારી
ચહો વરદાન માત ઉન્નતિ કરો અમારી- સહુ.
રોપો બીજ રહેમનાં જો દીલને ઉદાર કરી
થાએ સુખ શાંતિ સાથ ઉન્નત્તિ ખરેજ ખરી
મટે મહાપાપના સંતાપ એક સ્હેજ મહીં
કહે દુરગો રટો હિમજા ખરે ખર દીલ ચહી—સહુ

(મીઠી પ્રીતીની પ્યાલી—એ રાગ.)

તમે માત મયાળી સંકટ ટાળી પાપ પ્રજાળી

સુખી કરો નરનાર—અરે માતુ તમે
સાખી—હૃદય કમળ માંહે વસો, હેત થકી હિમજાય
વાયુ ઢોળું ભકિતના, શાંત કરો સમુદાયરે. તમે
સાખી—દુઃખ કલેશ ચીંતા થકી. ભકત બન્યા લાચાર
કરો શાંતમા સર્વને, દુર્ગાશંકર બ્હાર કરો મા-રે, તમે

(નકરરે હો કાળી કોયલડી ટહુકાર-એ રાગ)

ભજનરે હો.....કરૂં ભાવ થકી હિમજાય
હું છું બાળક તારો અજ્ઞાન કરો માત તમે કલ્યાણરે-ભજન.
માતને તાત કે ભ્રાત ગણું સહુ તુજને શૈલ સુતાય
સંસાર સાગર માંહ્ય ડુબુછું હાથ ધરો હિમજાયરે.- ભજન
ધર્મને કર્મનું ભાન ભુલ્યો ભુલ્યો સત્ય અને સદાચાર
દુરગાશંકર દીલમાં ચાહે એક તારો આધારરે— ભજન

[ફરયાદ અલી કો—એ રાગ]

મનછે માહરૂં અભીમાની. ચાહું કૃપા હિમજાજી
જુઠી આ દુનિયાં જુઠો જમાનો. આશ નીરાશ થવાની. મન છે
પંચ વિષયમાં મન પરવર્યું આશ ન ઉગરવાની- મન છે
દુર્ગાશંકર દુનીયાં દોરંગી આશીશ ચાહો ઉમાની— મન છે

(નમામી મહીષાસુર મર્દીની-એ રાગ)

પ્રણામી હિમજા સુખકારણી પ્રમાણી આ જગ તારીણી
પ્રણામી સકળ જન મન તાપ હારક ઇશ્વરી.
જગદિશ્વરી પરમેશ્વરી.
ભજન કરીએ ભાવથી તુજ- હિમજા.
હણ્યા દૈત્ય દાનવ હેતે ધરી. ધરી આશ તારી પરમેશ્વરી.

ધન્ય ધન્ય ઝારોળ ગઢ વાસીની પુરો આશ પ્રેમેથી પ્યાસીની.
ભજન તન મન દઇ કરૂં નીત ઇશ્વરી જગદીશ્વરી. પરમેશ્વરી.
દાસ દૂર્ગા નીત્ય પ્રણુમે- હિમજા

(ભોળી બાળા સુ આમ ભુલી ભરમ જાત-એ રાગ)

મન તું ભજમાત હિમજા દીન રાત.
જેના બ્રહ્મા વિશ્નુ શીવ સહુ ગુણુજ ગાત- મન તું
શીવ શકિત સુખદાઇ સદોદીત.
કાપે પાપ પળ માંહી જગતનાં
દુર્ગાશંકર ભજીને ખુશી થાત- મન તું

(ભરન ન દેત ગગરીયાં કાન મોહે-એ રાગ)

મુરખ ન લેત ભજનનું નામ કહી- મુરખ,
પડશે નરક પછી છોડી જગતને
હિમજા માત માત કહે મુરખ તુ ચેત- મુરખ
હરખ હરખ કરી દરશન તુ માના.
પળમાં તરીશ ભવપાર સમજમન
દુરગોદાસ દાસ નામ પળે પળે લેત- મુરખ.

(કલ્યાણ.)

દરસન કરી ખુશી થાઉં માત હિમજાના,
આધ શકિત અપરાધ ક્ષમાકર
ચર્ણુ ચહુ ગિરિજાનાં- દરશ.
ભજન કરેથી દુઃખ હરત ભવાની
ગા ગુણુ શૈલ સુતાના- દરશ.

(કોયલડી મધુરી શી ગાવે.-એ રાગ)

કોયલડી આ શું સીખાવે (છે)

હરખે હિમજા ગુણ ગાવે,
મધુર મધુરી હરખાવે- હો
હરદમ જપી માત હિમજા ભવાની ભોળી
જનમનને લલચાવે- હો
સાખી—મધુર મધુર સુણી ટહુકડા, હિમજા મન હરખાય.
મનુષ્ય હ્રદયને બોધવા ઉત્તમ આ ઉપાય
દુરગાશંકર તન મને ભજે હિમજાજી
ભવ સીંધુ તરી જાવે. હો.

(ભૈરવી)

હિમજા તારા ગુણનો સદાએ હું ગુલામ.
સદાએ હું ગુલામ તારો છું માજી ગુલામ.
દરશન દ્યો મા કિરપા કરોમા
કાપી પાપ તમામ- હિમજા.
અવર નથી કો આશ મને મા, પુરો અંતર હામ-હિમજા.
દુરગાશંકર દીન નીશ સેવે હરદમ હીમજાનામ- હિમજા.

(નાચનો અથવા બેંડનો રાહ)

પળ પળ ધ્યાન-માન-ગ્યાન નીશ દીન હિમજાના ગુણ ગાઈએ
જન મન શાંત શાંત માત કર પામર પર નજર જરાએ.
ધર્મ ધ્યાન ગુણ ગાન કરીને માત ચરણમાં શીર ધરો
જય જય વદી માત હિમજાજી આગે. પળ ધ્યાન

(સારૂં સારૂં રે સુરત શહેર-એ રાગ)

આવો સાહેલી આજ ગરબો ગાવાને
સજીએ ભક્તિનાં સાજ સુખિઆં થાવાને

સૃષ્ટિ તણી સુંદર વાડીમાં આપણુ કળીઓ રૂપરે.
વિદ્યા વારિથી ખીલીએતો શોભા થાય અનુપ-ગરબો
સદ્દગુણનો ગરબો લાવી મહીં સ્નેહ દીપક સગ ગાવોરે
કુમ કુમ અબીલ ગુલાલ ચઢાવી પ્રેમે પુષ્પ વધાવો-ગરબો
શીળ તણી સાડી પહેરી મહીં વ્હાલ તણી ધરી વેલરે
શાંતિના શણગાર ધરો સદ્દવૃત્તિ સાથ મહેલ-ગરબો
મીઠાં મીઠાં વાકય ઉચારી હિમજાને હરખાવોરે
દુરગાશંકર દીલથી કહે છે દુનિયાં ને દીપાવો-ગરબો

(અંબા જોયાની આદારે-એ રાગ)

હિમજાના ગુણ ગાવો રે સહુ મંગળ થાશે
પ્રીતેથી પાવન થાઓરે- સહુ
ત્રિભુવન તારીણી મા સુખ કારીણી
નામ નદીમાંહે ન્હાવોરે- સહુ
ઝારોળ ગઢમાં વાસ વસેમા હેતે જઇ હરખાવોરે- સહુ
કુમ કુમ કેસર અત્તર અબીલે વ્હાલથી માને વધાવોરે-સહુ
સંસાર સાગર સ્હેજમાં તારે ચરણમાં ચીત લગાવોરે-સહુ.
દુર્ગાશંકર તુજ ચરણમાં બાંહ્ય ધરિને બનાવોરે.- સહુ.

(ચોકને આંગણે ચાંદનીરે-એ રાગ.)

ચોકમાં જોને સખી ચાંદનારે કેવી આપે આનંદ નંદરે
આવો શાહેલી ગીત ગાઇએ,
હેમ સુતા હિમજાયરે ગરબે ગઇ ખુશી થાઇએ
સાખી--શરદ પુનમ શોભા ઘણી ખીલી આજી રાત
ગરબે ગાવા નીસરે હેતે હીમજા માત.
ચંદ્રે બીછાવી જોને ચાદર રૂપેરી તારલાનાં ફૂલ વિણિ ટંકતોજીરે.

હરખે સ્વિકારે માત હિમજા ભવાની ગાએ મધુર ગીત મીઠાં મીઠાં જીરે
સાખી—મધુરાં ઝરણાં જો પણે, હિમજાના ગુણ ગાય;
ખળ ખળ કહીને બોધ દે, આપણને એ ત્યાંય.
અજ્ઞાની આપણે શેનાં સમજીએ મુગાં મુંગાં મલકાઇએજીરે
ભેદી તિમીરના ભેદી તરગમાં, નાણી જોઇને ઝંપલાઇએજીરે
સાખી--શુદ્ધ હૃદયના સ્નેહથી, ગાઓ ગીત રસાળ;
હરખે હિમજા મન વીષે, ન્યાળીને નીજ બાળ.
સહુને શાંતિ આપે, દઇને આશીશ માત દઇને આશીશ
કરે શાંત સકળ જગના નરનાર સહુને-
દુર્ગાશંકર જરા દૃષ્ટિ કરી જો ગરબો ગાએ છે માત હિમજાજી-હો

દોહરો.

ઝરોળાની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સાથ;
વર્ણું પૂર્વતણી કથા, સ્હાય થજો ગણનાથ.
દંતકથાઓ દેશના, વૃદ્ધોમાં ચરચાય;
શ્રવણ કરી હું તેહનું, લખું લક્ષથી ત્યાંય.

રામાયણનો રાગ.

પૂર્વે એ ઝારોળ હતું પુર ભારી, લગ્ન થયાં ત્યાં શક્તિ અને શીવનારી
બ્રહ્મા વેદ ભણે મુખ ચારે, જયજય શબ્દ શ્રી વિશ્નુ ઊચ્ચારે
નિરખી સતી મુખ બ્રહ્મા સ્ખલિત થયા ત્યાં ઢાંકી વેણુ શરમાઇ રહ્યા ત્યાં
સમજી ગયા સિદ્ધેશ્વર સર્વ પ્રકાર ઉપજાવ્યા ત્યાં વિપ્ર અઢારહજાર
છત્રીશ સહસ્ત્ર વણીક કર્યા પેદા ત્યાં પોતે રહ્યા વરી પ્રેમ સહિત ઉમાના
બ્રહ્માએ ભણી વેદ પવિત્રજ કીધા, આશીર્વાદ અનેક પ્રીતિથી દીધા
રાખ્યા દેવ અનેક કરે રક્ષા તે, રાજ્ય કરે હિમજામા ત્યાં બહુભાતે.

સાખી—શુદ્ધ ધર્મને સેવતા, વીપ્ર વણિક ધરી વ્હાલ,
વર્ષ હજારો વીતિયાં ત્યારે પલટયો કાળ.

હરિગીત.

કોઇ કર્મના સંજોગથી એક બાળ એવું અવતર્યું
એ બાળ નહીં પણ કાળ જેથી ચક્ર ચઢતીનું ફર્યું
વધતાં ઉમર તે બાળ બહુ દુષ્કર્મ વાટે સંચર્યું
જ્યાં ત્યાં કલહ ને ક્રોધ પાપી પ્રેમથી કરતુ ફર્યું
ત્રાસી ગયાં સહુ લોક દેખી પાપીઓના પાપને
કાઢી મુકયું પુર બહાર તજવા રોજના સંતાપને
સાખી--વણિક ગયો વેરાનમાં, વ્યાપ્યું હળાહળ ઝેર;
શી રીતે હા વાળવું, મ્હારે આનું વેર.
સાન ગઇ શુદ્ધિ ગઇ, થઇ બુદ્ધિ બળી ખાખ;
પળે પળે કહે પાપીઓ, વેર લઉં સાક્ષાત.

ગઝલ.

દ્વેષના આવેશમાં એ પાપીઓ પુરો ભર્યો
જઇને દીલ્હી શાહ પાસ અસત વાણી ઓચર્યો
પૃથ્વિમાં ન નથ અન્ય વાલ્ખીલ્યના સમુ
અખુટ માલ ભુમી રસાળ કામ સર્વ કારમું. દ્વેષ.
સુણીને વખાણુ વણિકથી તે શાહ સ્હેજ ચઢી ગયો
લલચાઇને એ લાભ મેળવવા ખુશી તેતો થયો
જાઓ સહું ઝારોળને લુંટી ઝુંટી કબજે કરો
ધન માલ લાવી સર્વ અત્રેના ખજાનામાં ભરો,

રામાયણનો.

સૈન્ય થઇ તૈયાર વણિક સહુ જાએ
ઓડી મુગલ શીરદાર બહુ ખુશી થાએ
આશા બાંધી અનેક પ્રવાસે ચાલ્યું
ઘર ફુટે ઘર જાય વણીકે પાળ્યું.
સાખી—દેખીને ગઢ દૂરથી, મુરખ મન મલકાય;
આવ્યા અર્ણુનાશા તિરે, નાંખ્યો ત્યાંજ પડાવ.
કહેણુ મોકલ્યું કારમું, દુષ્ટે તેણીવાર;
ભડકયા સહુ તે સાભળી, વરત્યો હાહાકાર.

છપય.

જય નમામી શીશ માત હિમજાજી આગે
સ્તુતિ કરે સહુ લોક આશરો એને માગે
આફત આવી માત બચાવો આ બાળોને
આવ્યું સંકટ શીર તતક્ષણુ તે ટાળોને
મદમાતો એ મ્લેચ્છ યુદ્ધ લઢવાને માગે
આપો એવું દાન ભીડ આ મોટી ભાગે.
સાખી—વચન વદ્યાં ત્યાં હિમજા, બીશો નહીં ઓ બાળ;
હાહાડે લઢશે સૂર્ય ને, રાત્રે ચંદ્ર રસાળ.

ઉપરનો.

યુદ્ધ થયું ઘનઘોર અર્ણુનીશાને તીરે
મુઝાણો એ મ્લેચ્છ કંઇકનાં કાળજ ચીરે
અંત્રીક્ષેથી બાણુતણો વરસાદ પડે ત્યાં
યવનો અંતર આગ લાગતાં ત્રાસ પડે ત્યાં.

એમ દીવસ બહુ વહી ગયા લઢતાં લઢતાં ત્યાંય
પણુ પાસો પડિઓ નહીં પસ્તાએ મન માંય

(દોહરા.)

ઓડી મુગલ બહુ આકળો, થયો તત્ક્ષણુ જ્યાંય
બોલાવી તે વણિકને, છેદે શીશજ ત્યાંય
વણિક કહે ત્યાં કરગરી, માફ કરો મહારાજ
યુક્તિ કાઢી અવનવી, સોંપાવું હું રાજ
વચન દીધું તે વાણીએ, ઓડિ મુગલને ત્યાંય
ત્યાંથી છુટીને કરે, વિચાર તે મન માંય
ઘણા તર્ક તેણે કર્યા, પણુ પામ્યો નહિ પાર
અંતે યુક્તિ શોધિને, મગન થયો તે વાર

(આવો કુમકુમને પગલે—એ રાગ.)

પુરમાં આવ્યો તે પાપી એ વચન શાહને આપી
વિષ વેર ધરે અઘાપિ કુમતિને મનમાં સ્થાપી
કંગાલ કરગરે ત્યાંહી હા ભૂલ થઇ મુજ ભાઇ
કરો માફ મને તો આંહી હું હાય મરૂં પસ્તાઇ
અરજી મુજ આ ન સ્વિકારો તો મુજને ગરદન મારો
નહીં કરૂં કદાપી આવું માફી આપો એ ચાહું
સાખી—ઘણો થઇને ગરીબડો, કરગરીઓ જે વાર
માફ દાધી સહુએ મળી, કીધો અંગીકાર

દસ દિવસ ત્યાં વહી ગયા બેસાર્યો વિશ્વાસ
પાપીની મતિ પાપમાં રાખે ગુપ્ત તપાસ
જાણ્યું લોકો પાસથી લઢે ચંદ્ર ને સૂર્ય

મલકાયો તે મન વિષે સત્વર છોડયું પુર
ભેદ દિધો જઇ શાહને મનમાં બહુ મલકાય
અમાસને દિન જઇ લઢો સત્વર જીતો ભાઈ
થયા યવન તૈયાર ત્યાં પોકારી અલ્લાહ
રણમાં ઝુઝયા રાક્ષસો અંતર ધારી દાહ

(ઓખાહરણનો)

ગભરાણા ત્યાં વીપ્ર વણીક ધારે મન વિષે બહુ બ્હીક
થશે હાય હવે શું આંહી નથી ચંદ્ર કે સૂર્યજ ક્યાંહી
આવ્યો વખત હવે મરવાનો નક્કી આંહિ વિનાશ થવાનો
ભોળા થઇને મ્હોટી ભુલ કીધી ગુપ્ત વાતતે શાહને દિધિ

(દોહરા.)

ગભરાઇને સહુ ગયા માતતણે મંદીર
હિંમત આપે હામ ત્યાં ધરો બાળકો ધીર
અકળાશો ના અંગમાં લઢો જઇને સાથ
વાંકો વાળ થશે નાહ શસ્ત્ર ધરો સહુ હાથ
પણ હું કહું તે સાંભળો રાખો મનના માંહ્ય
નદી પાર જાશો નહીં કોઇ કાળ પણ ત્યાંય
જો જાશો તો હારશો મરશો ભુંડે હાલ
માટે મ્હારૂં માનીને સાચવજો એ કાળ

(સાંભળો સાહેબ અજબ તડાકા—એ રાગ.)

જય જય જય જય શબ્દ ઉચારી લઢવાને સહુ સજ્જ થયા
શસ્ત્રો અસ્ત્રો સંગ ગૃહીને રણ વાદ્યો વગડાતા રહ્યા
મ્લેચ્છ થયો તૈયાર ચલાવ્યો બાણુ તણો વરસાદ ખરે
-ત્વારોના તીવ્ર ઘાવથી પડતા પાપી ભોય પરે

યુદ્ધ થયું બહુ ઘોર મુંઝાણા મ્લેચ્છ વિચારે આ શું થયું
બન્યા બાયલા એજ ઘડીમાં બાહુ બળ સહુ ક્યાંજ ગયું
આછા હથિઆર પાણી ગુમાવી નાઠા નહીને છોડીને
મહારાજો પણ મસ્ત બનીને પાછળ ધાયા દોડીને
વચન ભુલ્યા હિમ્મતમા ફેરૂં ગયા નહી એળંગીને
ક્રોધ ચઢ્યો બહુ ભારી ત્યારે મમાયા માતંગીને
ભાવી મિથ્યા થાય ના ક્રોડ કરો ઉપાય,
વિપરીત બુદ્ધિ થાય જ્યાં વિનાશ કાળ જણાય.

(દોહરા.)

તેજ ગયું તે વિપ્રનું શૂર ગયું સંતાઇ
મ્લેચ્છોના હાથે મર્યા પળ માંહે પસ્તાઇ
ઓદિ મુગલ બહુ રીસથી ધાયો આગળ ત્યાં
પળમાંહે પુરમાં ધસ્યો, હાહાકાર જણાય.
અગમ એવી સહુ વાણીઆ મનમાં કર્યો વિચાર
માતાજીની મુર્તિને ખંડિત એ કરનાર
પધરાવ્યાં પ્રીતે કરી અંદર કૂપની માંહ્ય
દર્શન છેલ્લાં ત્યાં કર્યાં આંખે આંસુ જાય.

(કટાવ)

નગ્ર લુટ્યું ધન માલ લુટ્યાં જન જાન ખુટ્યા બહુ ક્રોધ કરીને
પૂર કર્યું વેરાન ઘડીમાં મ્લેચ્છ રહ્યો મદ માંહ્ય મરને
બળિ મરિયાં બહુ સ્ત્રીને બાળક હાથે આગ લગાડી પ્રીતે
કાળો કેર થયો પળમાં ત્યાં ઉજ્જડ નગ્ર થયું એ રીતે
મંદીર તોડી મ્લેચ્છ મદોન્મત ધન તણા ઢગલા ત્યાં કીધા
સોનું રૂપું મોતી માણેક હીરા હાર અમુલખ લીધા

કેદ કર્યાં બહુ બ્રાહ્મણો અને વણિકને ત્યાંય
દયા ન રાખી હાલમાં વરતાવી ત્યાં હાય
પથ્થરની ઘાણી કરી પડાવ્યા લક્ષ સવાય
વરત્યો હાહાકાર ત્યાં ખૂબ ખુશી તે થાય
પ્રાણ લીધા પળમાંહિ હજારો જનના હાયે
વહે રૂધીરની નીક રડવડે માંથાં ત્યાંહે
દયા દયાના શબ્દ ઉચારે કરગરતાં સહુ
પણ છોડે નહીં એક મ્લેચ્છ મદમાં ભરિઓ બહુ
પળમાં પીલ્યા ત્યાંય હજારો પ્રીતે પ્રાણી
બાળે અંતર હાય એજ પથ્થરની ઘાણી

લુંટી ઝુંટી નગરને પાછો ફરીઓ ત્યાંય
બોલાવ્યો તે વણિકને જે હરખે નવ માય
મળશે મ્હોટું માનને મળશે ખૂબ ઇનામ
મનમાં બાંધે બંગલા આશા તણા તમામ
બોદિ મુગલ ત્યાં બોલીયો બાંધો આને ત્યાંય
અડધો દાટો જમિનમાં કે નીકળી ન શકાય
મારો પથ્થર મારથી લ્યો તેના ઝટ પ્રાણ
રીબાવીને મારજો જેથી થાએ જાણ
ખોદે ખાડો કોઇ જો પડે પંડ તે માંય
એ દ્રષ્ટાંત જણાવવા અન્ય જનોને ત્યાંય
માર્યો પથ્થર મારીને પાપીને પળ માંય
પસ્તાયો તે બહુ છતાં હાય હવે શું થાય

ત્યાંથી મ્લેચ્છો ચાલીયા શોધે રસ્તે જાય
અધવચમાં ભુલા પડયાં મનમાં બહુ પસ્તાય
ઓચીંતા અંધા થયા થયો વળી અંધકાર
રસ્તે કાંઇ સુઝે નહીં મુંઝાણા તે વાર
પાણી પાણી બોલતાં પ્રાણ તજવા પળ માંહે
મ્લેચ્છો સર્વે મરી ગયા રીબી રીબી ત્યાંહે
ખબર પાછી પહોંચાડવા શેષ રહ્યો નવ એક
કીધું તેવું પામીયા એજ ખરો વીવેક

નાસિ છુટેલા વિપ્ર વણિક જેવારે રહ્યા હતા વનમાંય છુપા તે વારે
આવિ વસ્યા અન્ય ગામ કીધો ત્યાં વાસો વંશ રખ્યો તેઓનો પાછો ખાસો
વટલેલા જે વિપ્ર વણિક તે વારે થયા મ્લેચ્છ ઝારોળા પદ્મણુ ત્યારે
હજી સુધી તે મ્લેચ્છ પૂજે હિમજાને ઝારોળા કહેવાય રહે તે સ્થાને

બાગેલા ભાઇઓ તણો આજે સહુ વિસ્તાર
પુનરોદ્ધાર પ્રીતે કર્યો મંદીરનો તે વાર
પાટણમાં જે વિપ્ર રહેલા પ્રેમ ધરીને
યજ્ઞ કરે હર સાલ તીહાં શુભ માર્ગ સરીને
દેહેરી કરી ત્યાં એક સ્થાપિયાં હિમજા માને
હર વર્ષે ત્યાં જાય યજ્ઞ પ્રીતે કરવાને
ઘોર પડે વરસાદ નદીમાં પાણી આવે
જડે ન મારગ એક છતાં પણ નીશ્ચે જાવે
કષ્ટ સહીને કારમાં રાખ્યું સ્થાનક ઠીક
ઘણુંક વર્ષે તો થયું પાછું એહ પ્રસીદ્ધ

માતાજીની મ્હેરથી જંગલ મંગળ થાય
થયું તેમ અર્વાચીને વાસ વસ્યાં હિમજાય

વણિક વીશા કુણઘેરના ગુણિઅલ ગુલાબચંદ
ગંગારામ તણા સુતે ધર્યો અંગ ઉમંગ
બંધાવ્યું દેવળ ફરી ખરચીને ખુબ દામ
કર્યું અમર નિજ નામને કર્યું અલૌકીક ધામ
કાઢયો સંઘ પ્રીતે કરી બોલાવ્યા સહુ ભાઇ
દેશ દેશથી આવિઆ ઝારોળા હરખાઇ
ગામ ખેરવા વાસી જે કોઠારી કહેવાય
હાથીજી તણા પુત્ર એ અંતરમાં હરખાય
મોતીચંદ અને વળી સૂરચંદ શુભ નામ
કરી પ્રતિષ્ઠા પ્રીતથી ખરચીને બહુ દામ
વાસ વસ્યાં સહુના હ્રદે હેત થકી હિમજાય
દ્રવ્ય બહુ ભેગું થયું બાંધી ધર્મશાળાય
સદાવ્રત શુભ ચાલતું હિમજાને દરબાર
જય જયકાર થઇ રહ્યો શાંત થયાં નરનાર
ધર્મ ધ્વજા ફરકી રહી ફરકે સત્ય નિશાન
ઉત્કંઠા જ્ઞાતિ તણી વધે પ્રતિ પળ જાણ
પ્રતિ વર્ષે બહુ પ્રેમથી સંઘ કાઢીને જાય
હવન હોમને વેદના મંત્રો શબ્દ ભણાય
આનંદ થાએ અવનવા આઠ દીવસ હરસાલ
શાંત રહે સમુદાય સહુ વધિયાં અંતર વ્હાલ

દુર્ગાશંકર દાસને આનંદ અંગ ન માય
એક વાર સહુ બોલજો જય જય શ્રી હિમજાય

(ધનાશ્રી.)

સહુને મ્હારા છે પ્રણામ બંધુજનો સહુને મ્હારા છે પ્રણામ
અંતરમાં આનંદ થએથી કરિયું આ શુભ કામ— બંધુજનો
કવિ નથી હું જ્ઞાની નથી હું જ્ઞાતિ તણો છું ગુલામ- બંધુજનો
ભુલ ચૂકની મારી ચહુ રાખો રહેમ તમામ- બંધુજનો
ગાંડા ઘેલા ગુણ આ ગાયા ગાયું હિમજાનામ- બંધુજનો
પૂર્ણ કરૂં છું આજે આપણુ મળશું ફરી કોઇ કામ- બંધુજનો
જય જય જય સહુ પ્રીતે બોલો બોલો હિમજાનામ- બંધુજનો
પુત્ર ત્રિભુવનનો હું કહાવું પાટણ ગામ મુકામ- બંધુજનો
ઝારોળા બ્રાહ્મણની જાતી દુર્ગાશંકર નામ- બંધુજનો

(આરતી]

જય હિમજા માતામા જય હિમજામાતા
બ્રહ્મા વિસ્નુ સદાશીવ ગુણ તારા ગાતા. . જય
આદિતવારે આપ બેઠાં આનંદે (મૈયા)
સુરિનર મુનિવર શેષે વેદ સદા વંદે જય હિમજા
સોમે શૈલ સુતાય સોમપણું કાપો (મૈયા)
ઝારોળા જ્ઞાતિને સુખ શાંતી આપો. જય હિમજા
મંગળવારે માત મંગળતા કરજો. (મૈયા)
આધી વ્યાધિ ઉપાધિ હેત થકી હરજો જય હિમજા
બુધે બુદ્ધિદાન દ્યો આ બાળોને (મૈયા)
શીવ શકિત સુત તારા, ને સંભાળોને જય હિમજા

ગુરૂવાર ગુણ ગાન તારા તો ગાઇએ (મૈયા)
મન વાંછિત ફળ પામી સુખિયાં તો થાઇએ જય હિમજા
શુકરવારે માત સદ્‌બુદ્ધિ આપો (મૈયા)
આરોળા બંધુનાં કષ્ટ સહુ કાપો જય હિમજા
શનીએ મા તુજ ગાન સનકાદિક ગાએ (મૈયા)
દેવ અને દાનવ સહુ ચરણોને ચાહે જય હિમજા
કુમ કુમ અક્ષત સાથ આરતિ કરૂં તારી (મૈયા)
પૂષ્પ વધાવી પ્રેમે જાઉં બલિહારી. જય હિમજા
મા તારા ગુણ ગાન જે કોઇ ગાશે (મૈયા)
દુરગાશંકર કહે છે પાવન તે થાશે. જય હિમજા

अथ श्री हिमजा स्तुति.

वालखिल्याऊचु:

त्वमन्नदस्त्वंकिलजीवदाता, त्वंज्ञानदस्त्वंकिल-मोक्षदोपि; त्वंपासिविश्वंपरिपालसेजग, त्संत्राहि-शंभोशरणागतान्न १ हेभैरवेशरजनीकरचारुमौले, कंदर्पदर्पदलनत्रिपुरघ्न शंभो; यद्वालखिल्यनगरंत्व-यिरक्षमाणं, रुंधंतिदानवसुताश्चकथंनवेशि. २

॥ वालखिल्याऊचुः ॥

जयहिंबडिदेविसुरार्त्तिहरे, जयपापविनाशिनिहैमसुते; जयभक्तभवार्द्दितताप हरे, प्रणमामितवांघ्रियुगंहिमजे. ३ जयहिंबडिकल्मषशोकहरे, जयहिंबडिसौख्यसमृद्धिकरे; जयहिंबडिदेविनमोवरदे, प्रणमामितवांघ्रियुगंहिमजे. ४ जयदैत्यविनाशकुठारकरे, जयहिंबडिदुःखभयार्तिहरे; जयशुंभनिशुंभविनाशकरे, प्रणमामितवांघ्रियुगंहिमजे. ५ जयमौलिशशांककलानिकरे, जयमहिषविनाशिनिचंडहरे; जयहिंबडिकेहिमुरार्तिहरे, प्रणमामितवांघ्रियुगंहिमजे. ६ जयनिगममहोदययज्ञकरे, जयहिंबडिवेदनिदानकरे; जयदक्षमहामखघातकरे, प्रणमामितवांघ्रियुगंहिमजे. ७ जयऋग्विधिनादिवसस्य मुखे, जययजुषाहिंबडिमध्यदिने; जयसायमुपासतिसामशिवे, प्रणमामितवांघ्रियुगंहिमजे. ८ जयहिं-

बडिकैटभधूम्रहरे, सुरशत्रुविनाशिनिमुंडहरे; जय मन्मथदर्पहरांघ्रिरसे, प्रणमामितवाघ्रियुगंहिमजे. ९ जयदुर्गविनाशिनिदुःखहरे, जयतापविनाशिनि भक्तजने; जयसकलसमृद्धिसुसिद्धिकरे, प्रणमामि तवांघ्रियुगंहिमजे. १०

॥ वालखिल्याऊचुः ॥

मातस्त्वयाद्यविनिहत्यमहासुरेंद्रं, दैत्याधिपंसकल दैत्यसमन्वितंयत; त्राताःस्मदेविसततंनमतांशरण्ये, त्वत्तोपरःकइहयंशरणंव्रजामः ११ लोकेतएवधन धान्यसमृद्धि, भाजस्तेपुत्रपौत्रसुकलत्रसमृद्धिवन्तः तेषांयशःप्रसरचंद्रकरावदातं, विश्वंभवेद्भक्तिरसिकेषुसु दृक्त्वमीशे. १२ त्वद्भक्तिचेतसिजनेनविपत्तिलेशः क्लेशःक्वचानुभवतीनतिकृश्युपुंसु; त्वन्नामसंस्मृतिजुषांसकलायुषांक, भूयःपुनर्जनिरिहत्रिपुरारिपत्नि १३ चित्रंयदत्रसमरेसहिरक्तकेतु, स्त्वद्दृष्टिपातमधिगम्यसु

धानिधानं; मृत्योर्वशत्वमगमद्धिदितंभवानि, दुष्टो-
पितेदर्शिगतःकुगतिंनयाति १४ त्वछवासवन्हिश
लभत्वमिता अपीह दैत्याःपतंगरुचिमाप्यदिवंव्रजंति;
संतःखठेष्वपिनदुष्टधियोयतःस्युः, साधुष्विवव्रणइनः
सुपथंदिशंति. १५ सेवंतियेप्रतिदिनंतवपादपद्मं, ब्र
ह्मादयोगतमलाःसुरसिद्धसंघाः तेदुर्लभासुरवरैर्मुनि-
भिस्त्वदृश्याः श्रीहिंबडीतिजपतांककृतांतभीतिः १६
श्रीहिंबडीसकलसिद्धकरीद्विजानां, श्रीहिंबडीसकळ
कामदुघाद्विजाना; श्रीहिंबडीशुभफलार्थकरीद्विजा
नां, श्रीहिंबडीभवभयार्तिहरीद्विजानां. १७ ग्रहं-
रक्षतुनोलक्ष्मीः, क्षेत्रंनोहिंबडीसदा; पातुपुत्रान्प्रिय
करी, पायादायुःसनातनी. १८ यशःपातुमहादेवी,
धर्मंपातुधनुर्द्धरी; कुलदेवीकुलंपातु, सद्गतिंसद्गति
प्रिय. १९ रणेराजकुलेकष्टे, संग्रामेशत्रुसंकटे; गृहे
वनेजलादौच, हिंबडीसर्वतोऽवतु. २०

सूतउवाच ॥ इतिःतुत्वाजगद्धात्रीं ॥ प्रणेमुस्ते
पुनःपुनः॥ सर्वेमुनिश्वरादेवाः॥ सर्षिगंधर्वचारणाः ॥
२१॥ ततस्तुष्टाजगन्माता ॥ प्राहेदंद्विजसत्तमान् ॥
स्वाधिकारान्सुराःसर्वे॥ शासंतुप्राग्यथातथा ॥२२॥
तुष्टाहमनयास्तुत्या ॥ नितरांहियथार्थया ॥ वरमन्यं
प्रदास्यामि ॥ तच्छृणुध्वंद्विजोत्तमाः ॥२३॥

श्री हिंबडयुवाच.

यस्तोष्पतिचमांभक्त्या, नरः स्तुत्यानयाशुचिः; त-
स्याहंनाशयिष्यामि,विपदश्चपदेपदे॥ भतप्रेतपिशाचा
श्च,शाकिनीडाकिनीगणाः;झोटिंगाराक्षसाःक्रूरा,विषस
र्पाग्निदस्यवः॥ वैतालाश्चापिकंकाला, कालाबालग्रहा
अपि;वातपित्तादिजनिता, स्तथाचविषमज्वराः।दूरा
देवपलायंते,श्रुत्वास्तुतिमिमांशुभां; वज्रपंजरनामैतत्
स्तोत्रंदुःखप्रणाशनं॥ एतत्स्तोत्रकृतत्राणो, वज्रादपि
भयंनहि; अष्टजप्तेनचानेन,योभिमंत्र्यजलंपिबेत्॥तस्यो
दरगतापीडा,कापिनैवभविष्यति; गर्भपीडापिनोजातु,

भविष्यत्यभिमंत्रणाद्वा॥ बालानांपरमाशांति, रेतत्स्तोत्रानु पानतः; अष्टम्यां चचतुर्दश्यां, नवम्यांचैक चेतसः॥ योमा स्तोष्यातिमद्भक्तः, शुचिः श्रद्धासमान्वितः; तस्यःहंसक लांबधां, नाशयिष्याम्यसंशयं॥ इतिदत्वावरान्देवी, वि-प्रेभ्योद्विजसत्तमाः; प्रोवाचेदंपुनर्विप्रान्, भक्तिनम्रान् महेश्वरी॥ युष्माकंरक्षयिष्यामि, स्थःस्याम्यत्राश्रमेद्विजाः चौरोवादानवःपापो, युष्माकंपीडयिष्यति॥ तानहंना-शयिष्यामि, स्मरणान्मेद्विजोत्तमा; हिंबडीतिद्विजोमां-च, सद्भूद्रःसंस्मरिष्यति. अरण्येप्रांतरेदुर्गे, विषमेगिरिसं-कटे; तस्याहंसकलांबाधां, नाशयिष्याम्यसंशयं. भव-तोयेद्विषंतीह, कामाल्लोभान्मदाद्द्विजः; तेष्यांवंशःक्षयं यातु, ममवाक्यान्नसंशयः. भवतांवृत्तिलोपंच, यःकरोती हदुर्मति; तस्याशुवंशविच्छेदो, ममवाक्याद्भविष्यति. एवमुक्त्वाद्विजान्सात, तत्रैवांतरधीयत; तेपिस्वर्गौक सःसर्वे, स्वंस्वधामययुर्मुदा.

इतिश्रीस्कंदपुराणेवालखिल्यखंडेहिमजास्तुति.

ખરૂં પુણ્ય.

(દુર્ગાશંકર)

અર્વાચીન સમયમાં દાન–પુણ્ય કરવાની તમામ રીતો કેવી અધમાવસ્થામાં પ્રવર્તે છે. તે જરા વિચાર કરવા જેવું છે, કારણ કે સત્ય દાન, અથવા સત્ય પુણ્ય કર્યા શિવાય કોઇ પણ કાળે ઇચ્છિત ફળ પ્રાપ્ત થતું નથી. વર્તમાન સમયમાં જે જે રીતે દાન–પુણ્ય કરવામાં આવે છે તેના કરતાં હું જે કહું છું, તેવી રીતે દાન–પુણ્ય કરવાથી બેશક ઇચ્છિત ફળ પ્રાપ્ત થશે, એ નિઃસંદેહ છે.

આપણે દર શનિવારે હનુમાનને તેલ, સિંદૂર ચઢાવીએ. તેના કરતાં જો જ્ઞાતિની ઉન્નતિ કરવા કાંઇક બનતો પ્રયાસ કરીએ. તો તે કાંઇ ઓછું પુણ્ય નથી. આપણે સમજવું જોઇએ કે ગોર, શુકલ, સાધુ, મંદીર, વીગેરેને કે જેઓને ઘણીએ ગાયોનું દાન મળે છે. એટલે તેઓ તે તમામનું પોષણ કરવા અશકત હોવાથી યા અન્ય કારણથી ગમે તેવા ખરાબ ઠેકાણે પણ તે ગાયોને વેચી નાંખે છે. તથા દાન થઇ ગયેલી ગાયોનું પુનઃદાન કરાવે છે. તેઓને ગૌદાન આપવામાં જેટલું પુણ્ય થાય છે, તેના કરતાં જ્ઞાતિના કોઇ ગરીબ મનુષ્ય કે જેનાં બાળ બચ્ચાંનો કેટલોક નિર્વાહ તેના ઉપર ચાલી શકે છે. એવું હોય છે; તેવાને ગૌદાન આપવાથી બેશક અત્યંત પુણ્ય થાય છે. ભાગવતની સપ્તાહ બેસાડવાથી જેટલું પુણ્ય થાય છે તેના કરતાં જ્ઞાતિમાં ઉછરતાં બાળકોને સ્વધર્મની ઉંચ કેળવણી અપાવવાની યોજના રચવામાં શું ઓછું પુણ્ય થાય છે ? સત્યનારાયણની કથા સાંભળવાથી જેટલું પુણ્ય થાય છે, તેના કરતાં જ્ઞાતિની વિધવાઓને કોઇ સુશિક્ષિત બાઇ દ્વારા વિધવાઓના ધર્મ સમજાવવાની, તથા તેઓમાં સ્વધર્મની ઉચ્ચ વૃત્તિઓ હાંસલ કરાવવાની ગોઠ-

વણુ કરવાથી વિશેષ પુણ્ય શું નથી થતું ? ઓચ્છવ વખતે મંદી-
રોની ભીડમાં કચરાવવાથી અને ઝાપટા ખાવાથી, પ્રભુ જેટલા પ્રસન્ન
થાય છે, તેના કરતાં અધ્યાત્મ જ્ઞાનના અભ્યાસથી તે વધારે ખુશી
થાય છે. વસંતમાં મંદીરોના રંગની પીચકારીઓ. પોતાના શરીર
ઉપર ઝીલવાથી સ્ત્રીઓનું જેટલું કલ્યાણુ થાય છે, તેના કરતાં આપ
ણા સહવાસમાં આવતાં આપણાં જ્ઞાતિજનો પ્રત્યે શુદ્ધ મનથી અને
અને નમ્રતાથી વર્તવાથી કાંઇ ઓછું પુણ્ય થતું નથી, પુરૂષોતમ
માસમાં માલપુડાના સંપુટોનું દાન કરવાથી પ્રભુ જેટલા પ્રસન્ન થાય
છે તેના કરતાં જ્ઞાતિનાં રંક મનુંષ્યોને છુપી રીતે અન્ન વસ્ત્રની
મદદ કરવાથી તે વિશેષ પ્રસન્ન થાય છે. એ નિઃસદેહ છે. બ્રાહ્મ-
ણોને અગ્યારમા, બારમા, કે તેરમાના લાડુ જમાડવાથી મરનારની
જેટલી સદ્દગતિ થાય છે, તેના કરતાં તેઓને ભણાવવાની તથા
તેઓ પાસે અહરનીશ ષટકર્મ કરાવવાની સવડ કરી આપવાથી
મરનારની વિશેષ સદ્દગતિ થાય છે. રાખડી પડવાને દિવશે રાખડી
બંધાવવાથી જેટલી રક્ષા થાય છે. તેના કરતાં પોતાના બાળકોને
બાલ્યાવસ્થાથીજ બ્રહ્મચર્ય વ્રત પળાવવાની તજવીજ રાખવાથી
વિશેષ રક્ષા થાય છે એ સત્ય છે. હોળીના તહેવારોમાં આખો
દિવસ ભુખે મરી હોળીનું પુજન કરવાથી આપણુને જેટલું પુણ્ય
થાય છે તેના કરતાં જ્ઞાતિમાં ઘર કરી રહેલા કેટલાક દુષ્ટ રીવા
જોથી જે જ્ઞાતિ બંધુઓના હ્રદયમાં હમેશની હોળી સળગી
રહેલી છે, તેને શાંત કરવાના અડગ પ્રયત્નથી શહસ્ત્ર ગણું વિશેષ
પુણ્ય થશે. દેવ પાસે અનાજનાં રંગ બેરંગી મંડળો ભરવાથી પ્રભુ
જેટલા પ્રસન્ન થાય છે. તેના કરતાં જ્ઞાતિનાં બાળકોને વિવિધ હુન્નરો

શીખવાની સગવડ કરી આપવાથી વિશેષ પ્રસન્ન થાયછે. ગંગા, જમના સરસ્વતિ આદિ નદીઓ આપણને જેટલાં પવિત્ર કરી શકે છે. તેના કરતાં આપણા અંતઃકરણની શુભેચ્છા આપણને શું વધારે પવિત્ર નથી કરતી ? પિત્રીઓને હવો બાળે તેથી પિત્રિઓને જેટલો પ્રકાશ મળે, તેના કરતાં બાપ દાદાઓની આબરૂ વધે એવાં પરોપકારનાં કૃત્યો કરવાથી શું તેઓને વધારે પ્રકાશ ન મળે ! ઠાકોરજીને ભીણુના લેપડાઓ ચોપડી ચોપડીને બળાત્કારે દાગીના પહેરાવવાથી આપણને જેટલું પુણ્ય થાય છે, તેના કરતાં ગરીબાઇને લીધે કુંવારી વહુ દીકરીઓના દરરોજ દાગીના ઉતરતા જાય છે, તે નહિ ઉતરે તેવાં કામોમાં અને તેવી યોજનાઓમાં દ્રવ્યનો વ્યય કરવાથી કેટલું બધું પુણ્ય થાય? મારૂં કહેવું એમ નથી કે ઉપરનાં કામો ન કરવાં. પણ તે કર્મોની સાથે આ કર્મો કરવાની ખાસ જરૂર છે. બન્ધુઓ ! હું કોઇની ભકિત તોડવવા માટે આમ લખતો નથી પણ ખરી ભકિતને વધારવાને માટે અને ભકિતને તેના ઉત્તર રૂપમાં સમજવા માટેજ આમ લખું છું કોઇ પણ રીતે શુદ્ધ ભકિત વધે એજ મારો અંતરનો હેતુ છે. અને તે શુદ્ધ ભકિત દિન પ્રતિદીન વૃદ્ધિ પામે એજ ઉદ્દેશથી આટલું લખ્યું છે. તે કાંઇ નવિન નથી. પણ પ્રાચીન આર્ય ઋષિઓનો સિદ્ધાન્ત છે.

समाप्तम्

આ ચોપડીને મદદ કરનારનાં મુબારક નામ.

શા નથુભાઈ મગનલાલ	ધીણોજ
શા. દામોદરદાસ છગનલાલ	"
શા, ગોપાળદાસ રણછોડદાસ	પાટણ
શા. વાડીલાલ દામોદર	પાટણ
શા. મથુરદાસ ત્રીકમદાસ	પાટણ
શા. નરોત્તમદાસ રણછોડદાસ	કુણઘેર
તે શા. તલકચંદ મનસુખભાઈવાળા.	
શા. મણીલાલ હરગોવીંદદાસ	"
શા. ખીમચંદ લલ્લુભાઈ	"
શા. ગોરધનદાસ લલ્લુભાઈ	"
શા. મણીલાલ ગોપાળદાસ	"
શા. પાનાચંદ કસ્તુરચંદ	મહેસાણા
કોઠારી. ભોગીલાલ લક્ષ્મીચંદ	ભેરવા.
શા. ભોગીલાલ ગોપાળદાસ	પીલુદરા.
શા. જસીભાઈ મકનજી.	મુંબાઈ
શા. નારણદાસ ઝુમખરામ	કુણઘેર